Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. વૈશાખ. અંક ૧૦ મો.

## ગીતિ.

यद्वाक् सुधया तृप्ता न, न बाधते भवतृषा पुण्यशोषा।
तं भगवंतं वीरं, सततं ध्यायामि कर्मभूमहासीरम् ॥ १ ॥

" જેમની વાણી રૂપ અમૃતથી તૃપ્ત થયેલા પુરૂષોને પુણ્યને શોષણ કરનારી આ સંસારની તૃષા [ તૃષ્ણા ] પીડા કરતી નથી, તેવા કર્મ રૂપી જમીનને ખેડનાર મોટા હલરૂપ શ્રી વીર ભગવાન્નું હું સર્વદા ધ્યાન કરૂં છું. ૧

## ગુરૂસ્તુતિ.

### શિખરિણી.

પ્રસારી જૈનોની, [1]જયવતિ [2]જયશ્રી જગતમાં,
ગજાવી ગર્જને, જિનમત સુવાણી [3]દ્રઢતમાં;
બજાવી બાહોશે, ફરજ મુનિની [4]હારી મદને,
સ્મરો તે સ્નેહેથી, વિજયિ વિજયાનંદ પદને ૧

૧ જયવાલી, ૨ વિજયલક્ષ્મી. ૩ અતિશય દ્રૂઢ મજબૂત ૪ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद् चिदानंदजी महाराजकृत पद.

(अनुवादक)

श्रीमन्मुनिमहाराजश्री कर्पूरविजयजी महाराज.

(राग काफी)

मति मत एम विचारोरे, मत मतीयनका जाव. म० ए आंकणी
वस्तुगतें वस्तु लहोरे, वाद विवाद न कोय;
सूर तिहां परकाश पीयारे, अंधकार नवि होय. म० १
रुप रेख तिहां नवि घटेरे, मुद्रा जेख न होय;
जेद ज्ञान दृष्टि करी प्यारे, देखो अंतर जोय. म० २
तनता मनता बचनतारे, परपरिणति परिवार;
तन मन बचनातीत पीयारे, निजसत्ता सुखकार. म० ३
अंतर शुद्ध स्वजावमेंरे, नहिं विजाव लवलेश;
भ्रम आरोपित लक्षथी प्यारे, हंसा सहत कलेश. म० ४
अंतर्गत निहचें गहीरे, कायाथी व्यवहार;
चिदानंद तव पामीयें प्यारे, जव सायरको पार. म० ५

વ્યાખ્યા—હે મતિવંત જનો! તમે ધર્મશાસ્ત્રની વાત મધ્યસ્થપણે વિચારો. તમે વસ્તુને વસ્તુગતે જાણો. વિવેકથી વસ્તુ સ્વરૂપ વિચારો. તત્ત્વાતત્ત્વનો વિચાર કરી સારને ગ્રહણ કરો અને અસારને તજો. નકામો વાદ વિવાદ કરવાની કશી જરૂર નથી. નકામો વાદ વિવાદ કરવાથી કંઈ તત્ત્વ પામી શકાય નહિં અને ઉલટો કલેશ ઉત્પન્ન થાય. આ એક સામાન્ય નિયમજ છે કે જ્યાં સૂર્ય ઉદય થાય ત્યાં અંધકારનો નાશ અને પ્રભાનો પ્રકાશ સહેજે સંપજે છે. જ્યારે ઘટમાં તત્ત્વજ્ઞાન પ્રગટે છે ત્યારે અનાદિ અજ્ઞાન અંધકાર નાસે છે અને સદ્ વિવેક જાગે છે—તેથી રાગદ્વેષાદિ દોષોનું નિવારણ થાય છે અને સમતા સંતોષાદિ સદ્ગુણો સહેજે સાંપડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વદૃષ્ટિથી વિચારતાં આત્મામાં રૂપ રેખ—વર્ણ ગંધ રસ સ્પર્શ-તેમજ મુદ્રા ભેખ પ્રમુખ ઘટતાંજ નથી. કેમકે આત્માનું સ્વરૂપ એથી વિલક્ષણજ છે, એમ તત્ત્વજ્ઞાનવડે વિચારી જોતાં સમજાશે. જે તન મન અને વચનોની વર્ગણાઓ તેમજ તેના વ્યાપાર છે તે પરપુદ્ગલિક વસ્તુ છે અને આત્માનું સ્વરૂપ તો તેથી વિલક્ષણ એટલે તન મન અને વચનથી ન્યારૂંજ છે. ૩

આત્માના શુદ્ધસ્વભાવમાં લગારે પણ વિભાવ—પરપરિણતિમાં પ્રવેશ ઘટતો નથી તેમ છતાં મોહ અજ્ઞાનના જોરે પરપરિણતિવડે જીવ વિધ વિધ ક્લેશ સહે છે. તે ક્લેશથી મુકત થવા પ્રયત્ન કરવો એ નિજ કર્તવ્ય છે. તે પ્રયત્ન કેવી રીતે કરવા યોગ્ય છે તે શ્રીમાન્ ચિદાનંદજી જણાવે છે. ૪

અંતરમાં નિશ્ચય[સાધ્ય]નું સ્વરૂપ સમજી તે સાધ્ય સામેજ દૃષ્ટિ સ્થાપી રાખી નિશ્ચિત સાધ્યને સિદ્ધ કરવા માટે કાયાથી સર્વજ્ઞ ભગવાને બતાવેલો વ્યવહાર જે મહાશયો સેવે છે તે ભવસાગરનો સુખે પાર પામે છે—પામી શકે છે. પરંતુ જે મુગ્ધ જીવો નિશ્ચય નિશ્ચય પોકારી તેની પ્રાપ્તિમાટે કરવા યોગ્ય વ્યવહારની ઉપેક્ષા યા અનાદર કરે છે તે બાપડા ઉભય ભ્રષ્ટ થઇ ભવસાગરમાંજ રૂળે છે, તેવા મુગ્ધજનોનું વર્તન લગારે અનુકરણ કરવા યોગ્ય નથીજ.

સમર્થન શ્રીમાન્ યશોવિજયજી મહારાજ પણ એમજ કહે છે કે,

**‘ निश्चय दृष्टि हृदय धरीजी, पाळे जे व्यवहार ;**
**पुन्यवंत ते पामशेजी, नवसायरनो पार.**

જ્યારે સર્વ જ્ઞાનિઓનો એજ સિદ્ધાંત છે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ (જેવું સિદ્ધ ભગવાનનું છે તેવું) લક્ષમાં રાખી તે પ્રગટ પ્રાપ્ત કરવા માટે સર્વજ્ઞ પુરૂષોએ જે જે સાધનો નિર્માણ કરેલાં છે તે તે સાધનો તનમન અને વચનની શુદ્ધિથી સેવી જેમ બને તેમ જલદી નિશ્ચિત સાધ્યની નજદીક જવું. એ જ્ઞાની પુરૂષોનો સનાતન માર્ગ સદાય સેવવા આરાધવા યોગ્ય છે. વળી શ્રીમાન્ ઉપાધ્યાયજીએ કહ્યું છે કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**‘ જેમ નિર્મળારે રતન સ્ફટીક તણી, તેમ એ જીવ સ્વરૂપ;**
**તે જિન વીરેરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ,**
**‘ જેમ તે રાતે ફૂલે રાતડું, શ્યામ ફૂલથીરે શ્યામ ;**
**પાપ પુન્યથીરે તેમ જગજીવને, રાગ દ્વેષ પરિણામ ’**

સાર—આત્માનું શુદ્ધ સ્વભાવિક સ્વરૂપ તો સ્ફટિક રત્ન જેવું નિર્મળજ છે, એટલેકે કષાય રહિત–નિષ્કષાય રૂપજ છે પરંતુ જેમ ભાતભાતના ફૂલના સંયોગે સ્ફટિક તેવુંજ ભાત ભાતના રંગવાળું દીસે છે તેમ પુન્ય પાપના સંયોગે જીવને રાગદ્વેષ–કષાયના પરિણામ પ્રગટે છે. જો તે પુન્ય પાપનો સંયોગ માત્ર દૂર કરવામાં આવે તો જેમ તે ફૂલ માત્રનો સંયોગ દૂર કરવાથી સ્ફટિક રત્ન જેવું ને તેવુંજ નિર્મળ દીસે છે તેમ આત્મા પણ પોતાનું સહજ સ્વરૂપજ પ્રગટે છે.

**‘ એમ જાણીનેરે જ્ઞાનદશા ભજી, રહિયે આપ સ્વરૂપ ;**
**પરપરિણતિથીરે ધર્મ ન ચૂકીયે, નવિ પડિયે ભવકૂપ. ’**

આવી રીતે સમજી તત્ત્વજ્ઞાન મેળવીજેમ શિઘ્ર શુદ્ધ સ્વ સ્વરૂપ પ્રાપ્તિ થાય તેમજ પ્રયત્ન કરવો પરંતુ પર પુદ્ગલિક વસ્તુમાં રાચી માચી સંસાર વૃદ્ધિ કરવી નહિં. ઇતિશમ્.

# જૈન દષ્ટિએ નાટકોનું સંપ્રવર્તન.

જે બોધજ્ઞાનવડે વ્યવહારના શુદ્ધ અંગો પ્રાપ્ત થાય છે, નૈતિક બળની વૃદ્ધિ થાય છે, અનુભવજ્ઞાન વિસ્તરે છે, જન સ્વભાવની શ્વેત અને શ્યામ બંને બાજુઓ અવલોકી શકાય છે, ઉન્નત સ્થિતિમાં વિહરવા અભિલાષા મેળવાય છે, અનીતિમય વર્તનો તરફ તિરસ્કારપૂર્ણ ભાવના ગતિમાન થાય છે, સત્સમાગમને શોધવામાં આવે છે અને આત્મિક આનંદને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરાય છે, તે ( આ સંસાર અનુભવની મહાશાલા છે ) એમ એક વિદ્વાને કહ્યું છે, તેમ, જગત્‌ના સ્થાવર જંગમ પદાર્થ માત્રથી પ્રાપ્ત થઇ શકે છે; પરંતુ શાલામાં પઠન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાતા પાઠો સંકલના, વ્યવસ્થા અને અધિકાર પુરઃસર નિર્મિત થયેલા હોય તોજ તે ઇષ્ટ ફળને ઉત્પન્ન કરવા સમર્થ નિવડે છે તેમ બોધજ્ઞાન ઉત્પન્ન કરવાને માટે મનુષ્યોની પાસે નિરંતરસ્થાવર અને જંગમ બંને પ્રકારના પદાર્થોની વ્યવસ્થા અવસ્ય પ્રમાણોપેત અને પ્રેક્ષકો તરીકે તેમના પાત્રગત અધિકારને છાજે તેવી રીતે ગોઠવાયેલી હોય તો તે આકર્ષક અને મનુષ્યનાં હૃદયમાં જ્ઞાન ઉત્પાદક શક્તિવાળી થઇ શકે છે.

મનુષ્યના હૃદયને જાગૃત કરનાર અને સંસ્કારોનું સ્થિતિસ્થાપકપણું જાળવી રાખનાર બોધજ્ઞાન સ્વાભાવિક અથવા અન્યનિમિત્તરૂપ બે પ્રકારે થઇ શકે છે. સ્વાભાવિક બોધજ્ઞાન પૂર્વ સંસ્કારોની ઘડાયલી અવસ્થા છે અને તે અવસ્થાનો પરિપાક થતાં સ્વયમેવ પ્રકટે છે; પરંતુ અન્ય નિમિત્ત વડે પ્રાપ્ત થયેલું જ્ઞાન શાસ્ત્રોથી, મહાત્માના વાણીગત ઉપદેશોથી અને પદાર્થ દર્શનથી ત્રણ પ્રકારે થઇ શકેછે. શાસ્ત્ર અને ઉપદેશો કરતાં વિશેષ પ્રમાણમાં સચોટપણે અસર કરનાર પદાર્થ દર્શન છે. પદાર્થ દર્શનવડે થયેલું બોધજ્ઞાન વસ્તુના સ્વભાવ, પાત્ર અને શુદ્ધતા ઉપર આધાર રાખે છે. સ્વાભાવિક બોધજ્ઞાન પ્રાપ્ત કરવાની શકિતવાળા બહુજ ઓછા મનુષ્યો દ્રષ્ટિગોચર થાય છે. પરંતુ શાસ્ત્ર અને ઉપદેશો કરતાં પણ શીઘ્રપણે ટુંકા વખતમાં વસ્તુ દર્શનવડે બોધ જ્ઞાન પ્રાપ્ત કરનારાઓ પુષ્કળ સંખ્યામાં દૃષ્ટિએ પડે છે.

શાસ્ત્ર કે જેમાં બોધજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે અધિકાર પરત્વે સંકલના થયેલી છે તે વડે અલબત્ત બોધજ્ઞાન પ્રાપ્ત થાય છે પરંતુ એક મનુષ્ય વાંચી, વિચાર કરી, બુદ્ધિમાં ઉતારી પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે તેને વધારે સરલ રીતે શાસ્ત્રોકત ચિતારનો પ્રત્યક્ષ બોધ કરવામાં આવેતો ઘણીજ સહેલાઇથી સંસ્કારના પ્રદેશોને પહોંચી શકે. શાસ્ત્ર અને ઉપદેશો જ્ઞાનસામર્થ્ય ઉત્પન્ન કરી મનનું ખેડાણ કરે છે, પરંતુ તેજ શાસ્ત્રોક્ત પદાર્થજ્ઞાનનો ચિતાર મનોમંદિરના તલસ્પર્શી ભાગમાં પ્રવેશ કરેછે. એક કરૂણારસમય હકીકત વાંચતાં મનુષ્યોના હૃદયની લાગણી જેટલા પ્રમાણમાં કોમળ બનેછે, એક ઉપદેશકની વાણી વડે કરૂણારસનો જે છંટકાવ દિગ્દર્શન રૂપે રજુ થાયછે તે કરતાં તે કરૂણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની તાદૃશ પ્રતિમા–તે કરૂણાના દેખાવવાળો મુખ્ય પદાર્થ દૃષ્ટિ વડે જોવામાં આવે તે અનેકગણો વધારે અસર કરી શકે છે. માનસશાસ્ત્રનો નિયમ આ પ્રકારે હોવાથી તેના ચુસ્ત અભ્યાસીઓએ બાળકોના પ્રાથમિક શિક્ષણમાં તેમને યોગ્ય કીંડરગાર્ટનની પદ્ધતિ દાખલ કરેલી છે, તેમજ કોલેજમાં પ્રદાર્થદર્શન દ્વારા ભૂગોળવિદ્યા, સાયન્સ, ભૂમિતિ, વિગેરેના જ્ઞાનને માટે તદનુકૂળ યંત્રોનો સંગ્રહ કરવામાં આવેલો છે; જિન પ્રતિમાનું સ્વરૂપ શાસ્ત્રમાત્રથી દર્શાવી સંતોષ નહીં પામતાં તેને આકારવાળી મૂર્તિરૂપે સ્થાપન કરી પ્રાણીઓને ઉદ્બોધન કરવાનો મુખ્ય હેતુ સમાયેલો છે.

જેમ મર્યાદાહીન સ્રીની મૂર્તિવાળી છબી ઉપરથી મનુષ્ય સ્વભાવાનુસાર તેનામાં શીઘ્રપણે વિકારમય ભાવો જાગૃત થઈ જાય છે, તેમ શાંતરસમય મૂર્તિ શાંતરસને જાગૃત કરે છે. આથી પદાર્થ દર્શનની અસર બુદ્ધિના પડને ભેદી હૃદયના ભાવોમાં પહોંચી વળે છે, એમ સિદ્ધ થઈ શકે છે. શબના દર્શનથી બુદ્ધને વૈરાગ્ય ઉત્પન્ન થયો કહેવાય છે તેમજ મલ્લિનાથપ્રભુજીએ પોતાના મિત્રોને પ્રતિબોધવા કાષ્ઠની પુતળીમાં અન્નપ્રક્ષેપદ્વારા અશુચિ ભાવનાનું તાદૃશ સ્વરૂપ દર્શાવી ઉદ્બોધન કર્યું હતું તે શાસ્ત્રદ્વારા સર્વના જાણવામાં છે.

આમ હોઈ બોધજ્ઞાન ઉત્પન્ન કરવાને માટે નાટકની રચના પૂર્વ પુરૂષોએ નિર્માણ કરેલી છે. નાટક એ બોધ જ્ઞાન ઉત્પન્ન થવાનું સંકળનાનુયાયિ સાધન હોવાથી પદાર્થો અને મનુષ્ય સ્વભાવ વડે થતા જ્ઞાનની મર્યાદા બાંધી તેવડે પ્રબોધન કરનાર તરીકે પૂર્વ કાળથી શાસ્ત્રો કહેતા આવ્યા છે. જૈનેતર શાસ્ત્રોએ જેમ વ્યવહારની પુષ્ટિને માટે સ્નેહની સ્નિગ્ધતાવાળા, ભક્તિની ભાવનાઓવાલા અને અનીતિ અને નીતિમય વર્તનોમાંથી નીતિનો જય પ્રાપ્ત કરનારા પુરૂષ અને સ્રી રત્નોના પાત્રોનું આલેખન કરેલું છે, તેમ જૈન શાસ્ત્રોએ પણ નાટક દ્વારા ભવ ભીરૂતા, કર્મની વિચિત્રતા, સદાગમની શ્રેષ્ઠતા, અને આત્મિક આનંદ વાળા પાત્રોની રજુઆત કરેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન તેમજ ઇતર દર્શનોએ નાટકરૂપે પદાર્થ સંકલનાનું સ્વરૂપ અંગીકાર કરેલું હોવા છતાં નાટક શબ્દને અને તેના સ્વરૂપને જે ખરાબ સ્થિતિમાં સજ્જનો વડે ચિતરવામાં આવેલ છે તેનું વાસ્તવિક કારણ તપાસતાં જણાશે કે આધુનિક ઉભરાઇ ગયેલી પ્રચલિત નાટક કંપનીઓએ નાટકના મૂળ ઉદ્દેશને બાજુએ મુકી [1]નવરસ પ્રધાન નાટકને ખાસ કરીને વિષય રસ પ્રધાન બનાવી મૂકયા છે. સાંસારિક પ્રાણીઓને નીતિમાર્ગનું અવલંબન પમાડનાર, સંસ્કારોને હૃદયમાં ઓતપ્રોત કરનાર, અને શીઘ્ર ફલવાહી અસર વડે હૃદયભાવને સ્નિગ્ધ કરનાર તરીકે નાટક એ સબળ સાધન છે; કેમકે તેમાં શાસ્ત્રમાં વાંચેલા મહાત્માઓના જીવનના પડો દૃશ્યરૂપે રજુ થાય છે, દુર્જનોની છળભેદવાળી વૃત્તિઓ આકારરૂપે ઉત્પન્ન થઇ રંગભૂમિ ઉપર ભજવાય છે, સ્વાર્થી અને નિઃસ્વાર્થી મનુષ્યોના કર્તવ્ય માર્ગો ભિન્ન ભિન્ન રીતે બહાર આવે છે. પરંતુ આ કહેવાતાં નાટકોની અસર મનુષ્યોમાં ઉલટી રીતે એટલે કે વિષય અને કષાયને વધારનારી, વ્યવહાર માર્ગનું ઉલ્લંઘન કરનારી, કપટ વૃત્તિઓનું પોષણ કરનારી, સ્નેહને નામે મોહને વધારનારી અને અપેય અને અભક્ષ્ય પદાર્થોમાં લલચાવનારી થઇ છે અને થાય છે જે અવલોકન કરતાં પ્રત્યક્ષ જણાઇ આવશે. નાટક એ જનસમૂહનું એક હિતકારક અને સહેલાઇથી બોધજ્ઞાન આપી શકે તેવું સાધન હોવા છતાં તેનું રૂપાંતર થઇ ગયેલું હોવાથી તે હિતશત્રુની ગરજ સારેછે. પૂર્વ પુરૂષોએ કહેલું છે કે નાટકનો મૂળ હેતુ આવો હોવો જોઇએ “તે શૃંગાર, બિભત્સાદિરસનું દિગ્દર્શન કરાવી છેવટે આઠ રસની ઉપર શાંતરસ વિજય મેળવી શકે, અને શાંતરસના વિજય વડે કેવો આનંદ અનુભવાય છે તે દર્શાવી શકે.” વસ્તુતઃ નાટક આવા પ્રકારનું હોય છે. જો આવા પ્રકારનું નાટક ન હોયતો જૈનપરિ ભાષાએ તે “[2]ભવ પાટક” છે. તેથીજ આધુનિક નાટકો ઘણે અંશે સ્વરૂપથી ચ્યુત થયેલાં હોવાથી જૈનોએ “ નાટક પ્રેક્ષણક જોયાં ” એ વાકયને અતિચાર રૂપ માનેલું છે.

---

૧ શૃંગાર, વીર. કરૂણા, હાસ્ય, રૌદ્ર, બિભત્સ, ભય, અદ્ભુત અને શાંત.

૨ જન્મોનો અખાડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાટક જેવું અદ્દભુતપણે ઉદ્દબોધન કરનાર સામર્થ્યબળ જ્યારે તેના સ્વરૂપથી ચ્યુત થાય છે ત્યારે પ્રેક્ષકોના હૃદય ઉપર ઘણીજ ખરાબ અસર કરેછે, એટલુંજ નહિ પરંતુ તે અસરના સંસ્કારોની જમાવટ ચિરકાળ સુધી રહે છે. જો કે અત્યારના પ્રચલિત નાટકોમાં સર્વાંશે તેઓ ખરાબ અસર કરનારા છે એમ કહેવા કુહાડો ફેરવવાનો આ વિષયને અંગે ઉદ્દેશ નથી; પરંતુ આખા નાટકના અમુક ભાગોમાં નાટકના શુદ્ધ સ્વરૂપની કદાચ ઝાંખી થાય છે. નંદબત્રીસીના પદ્મિનીના પાત્રમાં બાદશાહ વડે એકાંતમાં થયેલી સીરજોરીમાં પણ સતીત્વનું પરિપાલન એ પ્રશસ્ય છે, નરસિંહ મહેતાનો ભક્તિ રંગ એ અન્યને ભકિતમાં પ્રેરનાર હોવાથી શ્લાઘ્ય છે, કામલતાનો પતિસ્નેહ વ્યવહારની ઉચ્ચતા દર્શાવે છે, આ અને આવાજ પ્રકારના વિવિધ નાટકોમાં નીતિબળ, વૈરાગ્ય, ભકિત પ્રેમ વિગેરે દૃષ્ટિગોચર થાય છે; પરંતુ નાટકોનું રહસ્ય પાત્રોની સંકલના વગરનું હોવાથી, અથવા પાત્રોના અશુદ્ધ આલેખનમય કૃતિવાળું હોવાથી, પ્રેક્ષકોની વિષય વાસના જાગૃત કરે છે. અને તેમને વ્યવહાર અને ધર્મથી વિમુખ કરી મૂકે છે. અલબત્ત નાટકમાં આવેલા ભકિત વિગેરે સ્વરૂપોની ઝાંખી પ્રેક્ષકોના હૃદયપટ ઉપર અસર કરે છે, પરંતુ તે ક્ષણસ્થાયિ હોવાથી વિશેષ પ્રમાણમાં થતી ખરાબ અસરવડે પરાજય પામે છે અને ક્ષણવારમાં અદૃશ્ય થાય છે. આમ થવાથી જનસમૂહનો મોટો ભાગ નાટકનું પ્રેક્ષણ કરનારો હોય છે તે શુદ્ધબોધજ્ઞાન રૂપ રહસ્યને ખેંચવામાં અત્યંત દૂર રહે છે.

જો નાટક શુદ્ધ સંકલનાવાળું હોય અને તેને સારી રીતે ભજવવામાં આવેલું હોય તો તે કેટલીક વખત હજારો જ્ઞાનોપદેશ કરતાં પણ ચઢેછે; હજારો જ્ઞાનોપદેશથી જ્યારે મનુષ્યનું અંતઃકરણ પલળે છે ત્યારે પદાર્થ દર્શનવડે મનુષ્યના હૃદયના ઉચ્ચ ભાવો જાગૃત કરવા એક ઉત્તમ નાટકથી હજારો મનુષ્યોના અંતઃકરણ પલળે છે અને તે સંસ્કારી થવાથી સન્માર્ગગામી થઇ શકે છે. અને ટકી રહે છે.

શાકુંતલ, મૃચ્છકટિક, વિક્રમોર્વશીય વિગેરે નાટકોનું અનુક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણ આધુનિક જમાનાને અંગે કરવામાં આવે અને તે દ્વારા નાટક કંપનીઓ બિભત્સ રસને બહુજ ઓછો કરી નાંખી તેવા પાત્રો શૈલી ઢબ અને રસપ્રધાન યોજવામાં આવે તો વ્યવહારને અંગે જનસમૂહનું હિત થઇ શકે એમ આ લેખકની માન્યતા છે. નીતિમય વર્તન વાળા પાત્રો અને તેમના શબ્દોની અસર, અચ્છી રીતે થઇ શકે તેવી યોજના વ્યવહારોન્નતિ કરવાનો દાવો ધરાવનારા નાટકોમાં હોવી જોઇએ. વ્યવહારને અંગે નાટકોનું આટલું સ્વરૂપ દર્શાવ્યા પછી જૈન દૃષ્ટિએ નાટક તરીકે શું વિચારો દૃશ્ય થાય છે તે તપાસીએ.

જૈન દર્શન ડિંડિમ વગાડીને પ્રબોધે છે કે આ સર્વ જે જે સ્થાવર જંગમ પદાર્થો તેમની ઉત્પત્તિ સ્થિતિ અને લય રૂપ વ્યવહાર પ્રવૃત્ત થઇ રહેલો છે, તે દિવ્ય દૃષ્ટિએ નાટક સિવાય બીજું કાંઇ પણ નથી. આ હકીકતને અનુસરી શ્રીમાન્ સિદ્ધર્ષિ ગણિએ ઉપમિતિભવપ્રપંચા કથામાં નાટક રૂપે યોજનાવાળો ગ્રંથ બનાવેલો છે. તેમાં લોકાકાશોદરા નામની રંગ ભૂમિકા ઉપર કર્મપરિણામ રાજા અને કાલ પરિણતિ રાણીના અમલ નીચે જીવ રૂપ પાત્રોનું નાટક જુદા જુદા વેશોવડે યોનિરૂપ પડદામાંથી પ્રકટે છે અને તે પ્રાણીઓની પ્રત્યક્ષ પણે દેખાતી જુદી જુદી વિચિત્રતાવડે સંકલિત કરેલું છે. આધ્યાત્મિક જ્ઞાનને નાટક દ્વારા પ્રાપ્ત કરવાની સમજણ આપતાં આત્મામાં નીચેના નવ રસમય ભિન્ન ભાવોનું દર્શન કરાવેલું છે. જ્ઞાનાદિગુણ વિભૂષિત તે આત્માનો શૃંગાર રસ, આત્મા જ્યારે નિર્જરામાં ઉદ્યમ કરે ત્યારે વીરરસ, બહિરાત્મ ભવમાં પૂર્વે ભ્રમિત થયેલા આત્માને દેહ એજ હું એમ માનવાની રીતિએ અવલોકતાં કરૂણા રસ, આત્માનુભવમાં ઉત્સાહ અને સુખ તે હાસ્ય રસ, અષ્ટ કર્મને દલવાનો વ્યાપાર તે રૌદ્ર રસ, અશુચિમય પુદ્ગળના સ્વરૂપની જે વિચારણા તે બિભત્સ રસ, દ્વંદ્વ દશામાં આત્માનું સ્વરૂપ વિચારવું તે ભયરસ, અનંત વીર્યનું ચિંતવન તે અદ્ભુતરસ અને વૈરાગ્ય ભાવ તે શાંત રસ.

આ ઉપરથી જૈન દૃષ્ટિએ જોઇ શકાશે કે જે નાટકોમાં અનીતિ અને બિભત્સાદિ રસોનું પોષણ વિશેષ પ્રમાણમાં હોય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાટકો સર્વથા ત્યાજ્ય છે, જે નાટકો વડે નીતિના સંસ્કારો દ્રઢિભૂત થાય અને વ્યવહારની ઉન્નતિ થઈ શકે તેવા નાટકો તે વ્યવહારને અંગે આદરણીય છે. પરંતુ આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરવાને માટે કર્મવૈચિત્ર્ય ભવભીરૂતા અને ક્ષણભંગુરતા વિગેરેનો આબેહુબ ચિતાર આપનાર નાટકો પ્રસશ્ય છે, અને આમ હોવાથી વ્યવહારોન્નતિ કરનારા શુદ્ધ મર્યાદા વાળા નાટકોનો અંતિમ હેતુ શાંત રસમાંજ વિરામ પામવો જોઇયે.

Vijayendu.

# સાહિત્ય પરિષદ્ અને જૈન સાહિત્ય.

ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન રા. રા. રમણભાઇ મહિપતરામ નીલકંઠ તથા બીજા ઉત્સાહી યુવાનો અને સાક્ષરોના સંયુક્ત શ્રમથી ગુજરાતમાં "ગુજરાતી સાહિત્ય પરિષદ્" ભરવાની શરૂઆત થઈ છે. અમદાવાદ, મુંબઈ અને રાજકોટમાં [1]પરિષદ્‌ની બેઠકો થઇ ચૂકી છે. એ પરિષદ્‌માં જૈન સાહિત્યવિષે પ્રમુખસ્થાનેથી જે કાંઇ બોલવામાં આવ્યું છે તેમાંની થોડીક લીટીઓ તથા "સમાલોચક" આદિ બીજા પત્રોમાંથી જૈન સાહિત્ય સંબંધે દર્શાવેલા વિચારોમાંની થોડીક લીટીઓ આ નીચે આપી છે તે ઉપરથી વાંચનાર જોઇ શકશે કે જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં પોતાના તરફથી પુરતો ફાળો આપ્યો છે.

જુલાઈ–સપ્ટેમ્બર ૧૯૦૯ ના "સમાલોચક" માં રાયચંદ્ર કાવ્યમાળા ઉપર અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે....આ બધા પ્રયત્નોમાં જૈન સાહિત્યને યથાન્યાય મળી શકયો નથી....ગ્રંથોની દુર્લભતા, જૈન અને જૈનેતર સાહિત્ય પ્રેમી પુરૂષોનું અલક્ષ અને ઉદાસીનતા તથા શ્રેષ્ઠીઓના સાહાય્યનો અભાવ પણ થોડે અંશે તેમ થવામાં કારણભૂત છે.

જૈન સાહિત્ય એ ગુર્જર સાહિત્યનાં મુખ્ય અંગોમાંનું એક અંગ છે. ગુજરાતમાં એક સમયે જૈનો પ્રબળતર રાજ્યસત્તા ભોગ-

1 હાલમાં વડોદરામાં છેલ્લી ભરાઇ ગયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતા હતા. તેમના ધર્મની, સાધુઓની, ગોરજીઓની, અને શ્રેષ્ઠીઓની ગાઢ અસરો જન સમાજ ઉપર પડેલી છે. અદ્યાપિ પર્યંત તે આપણા જીવન વ્યવહારમાં પ્રત્યક્ષ પણ થાયછે. જૈન ધર્મી લેખકોએ સાહિત્યની થોડી સેવા બજાવી છે એમ કંઇ નથી. અગિયારમા શતકમાં સાહિત્ય ગ્રંથો જૈનોએ લખ્યા છે એવો રા. રા. ધ્રુવનો મત છે. પ્રાકૃતમાંથી અપભ્રંશ થઇ અને એ અપભ્રંશ ભાષાનું આધુનિક સ્વરૂપ તે ગુજરાતીછે....સાહિત્યના ઇતિહાસમાં તુટતી જણાતી સાંકળો જૈનસાહિત્ય પુરી પાડશે એમ જણાય છે....જૈન સાહિત્ય પ્રકાશમાં આવ્યે ગુર્જર સાહિત્ય ઉપર પુષ્કળ પ્રકાશ પડવાનો સંભવ છે. જૈની રાસાઓ ઐતિહાસિક છે. તેમાંથી દેશકાળની પરિસ્થિતિ, લોકાચાર, લોક વ્યવહાર, જન સ્વભાવ આદિ ઘણા ઉપયોગી બિંદુઓ વિષે પુષ્કળ આવશ્યક માહિતી મળે એમ છે. દેશની સાંસારિક, આર્થિક તથા વ્યાપારી સ્થિતિ કેવી હતી તેનું ભાન પણ આ રાસાઓથી થશે....કવિતા પ્રચલિત દેશીઓ તથા દોહરામાં લખાયેલી છે, ભાષાનું સ્ફુરણ શુદ્ધ, સરલને સુગમ છે....વિચારો સ્પુટતાથી દર્શાવાયા છે....કવિતાનું વ્યાકરણ અણિશુદ્ધ જણાય છે, શબ્દ ભંડોળ અતિ બહુલ છે, અલંકારો સરલ છે, ભાષા આડંબર રહિત છે." જૈન સાહિત્યના વિશેષ પ્રકાશથી ભાષાના Philological ઇતિહાસ ઉપર પુષ્કળ પ્રકાશ પડશે.

પ્રથમ સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ સ્વર્ગસ્થ સાક્ષર શ્રી ગોવર્ધનરામ ભાઇ કહે છે કે—

## પર્વ ૧ મૂળ અને થડ.

ઇ. સ. ૧૦૨૪ જિનેશ્વર નામના જૈન યતિએ અણહિલવાડના રાજા દુર્લભ પાસેથી "ખરતર" પદ મેળવ્યું; એણે ખરતર ગચ્છ સ્થાપ્યો અને અષ્ટવૃત્તિ તથા લીલાવતી લખ્યાં.

ઇ. સ. દશમા શતકથી ભાષા સાહિત્યની શરૂઆત થાય છે.

ઇ. સ. ૧૨૯૨ સંસ્કૃત ગ્રંથો ઉપર વાર્તિક લખનાર જિનપ્રભસૂરિ અને શ્રીહેમચંદ્રની સ્યાદ્‌વાદ મંજરી ઉપર ટીકા લખનાર મલ્લિષેણ સૂરિ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજપૂત રાજાઓ વિષે ભાટ ચારણોના રાસા વિગેરે. રાસમાલા ગુજરાતી ભાષાની બ્હેનપણી પ્રાકૃત અને અપભ્રંશ ભાષા–એમાં લખાયા. કંઈક મારવાડી કંઈક વ્રજ અને કંઈક બીજી ભાષામાંથી મિશ્રણ–તે રાજકવિઓની ભાષા હતી. અને બ્રાહ્મણ જૈન વિદ્વાનોની સાહિત્ય ભાષા સંસ્કૃત હતી. જન્મ પામતી ગુજરાતી એ સર્વના મિશ્રણરૂપે બોલાતી હોવી જોઇએ. સાંપ્રત કચ્છી ભાષા જેવી કદાચ તે વખતની ગુજરાતી ભાષા હશે.

**ધાર્મીકસાહિત્ય**—૧૩૦૦ મેરૂતુંગ (જૈન) ૧૩૩૪ હરિભદ્રસૂરિની જમ્બુદ્વીપ સંગ્રહિણી ઉપર પ્રભાનંદ સૂરિની ક્ષેત્ર સંગ્રહિણી વૃત્તિ-૧૩૪૮ જૈન કર્ત્તા મેરૂતુંગ (૧૩૦૦ ના મેરૂ તુંગથી ભિન્ન) ૧૩૫૩ તપાગચ્છના કુલમંડનનો જન્મ. ૧૩૬૮ સોમતિલકસૂરિ (શીલતરંગિણીના કર્તા) નું મૃત્યુ. ૧૩૭૩ વિમલચંદ્ર સુરિની પ્રશ્નોત્તર માલા ઉપર દેવેંદ્રની ટીકા. ૧૩૯૬ અભયદેવ સુરિનું "તિજય પહુત્ત" સ્તોત્ર.

**અન્યસાહિત્ય**—૧૩૪૩ રૂદ્ર પાલીયગચ્છના જિનપ્રભની ષડ્દર્શની. ૧૩૪૯ રાજશેખર સૂરિએ (દિલ્હીમાં) "પ્રબંધ કોશ" કર્યો અને અન્યત્ર શ્રીધરની ન્યાયકંદલી ઉપર "પંજિકા" રચ્યાં, ૧૩૬૬ સંઘતિલકાચાર્યનું કુમારપાલ ચરિત્ર. ૧૩૭૨ રત્ન શેખર સૂરિનું શ્રીપાલ ચરિત્ર.

(ક) ગુજરાતની બહાર............સંસ્કૃત સમર્થ ગ્રંથો રચાયા છે. ત્યારે તેજસિંહના એક ગ્રંથ (૧૩૧૦) વિનાના સર્વ ગ્રંથો ગુજરાતમાં માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રંથો પણ મ્હોટા ભાગે ધર્મ સાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના "ગચ્છો" નો આશ્રય પામી આટલો સાહિત્ય વૃક્ષ ઉગવા દીધો છે, ત્યારે બ્રાહ્મણાદિક અન્ય વર્ગનું સાહિત્ય જે રજપુત રાજાઓના કાળમાંજ સ્ફૂરતું હતું તે કેવળ અસ્ત થયું અને એ સાહિત્ય કેવળ અસ્ત થવા પછીના કાળમાં ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું.

(ખ) દિલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ અને અન્ય ન્હાના મ્હોટા સરદારોના વિગ્રહ આ યુગના આરંભથી તે ૧૩૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી ચાલ્યા અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ વગેરે કાઠિયાવાડના ભાગોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો. તેવામાં જૈન ગચ્છોના ચાર પાંચ સાધુઓ ફક્ત સાહિત્યના એકલા આધાર રૂપ હતા. તે પછીના પચીશેક વર્ષમાં એટલે ૧૩૭૬ સુધીમાં રાજકીય શાંતિ જેવું પ્રમાણમાં હતું તેમાં પણ બીજા પાંચેક જૈન સાધુઓજ એવા આધારભૂત હતા.

(ગ) પણ પ્રશ્ન એવો ઉઠે છે કે જૈન સાધુઓ જેટલી સાહિત્ય ધારા ટકાવી શકયા તેનો કાંઇ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો? તેઓ કયાં ભરાઇ બેઠા હતા......................રજપુત રાજ્યોને આશ્રયે ઉદય પામેલાં ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રય ભંગ થયે અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી દેખાય છે. એવા યુગમાં ગચ્છોના આશ્રયમાં રહેલા જૈન સાધુઓ જેટલું સાહિત્ય ટકાવી શકયા તેનો અંશપણ આસંસારીઓ કેમ ન જાળવી શકયા એ એમના આગલા ઇતિહાસથી સ્પષ્ટ થાય છે. જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનને બળે શુદ્ધ અને સરલ રૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે, ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજકર્ત્તા મુસલમાન વર્ગ એ ઉભયના સંસર્ગથી બ્રાહ્મણ, વાણીઆઓની નવી ભાષા કેવી રીતે જૂદું ધાવણ ધાવી બંધાઇ, તેપણ તેમના આ ભ્રમણના ઇતિહાસથીજ સમજાશે. એ સાધુઓની અને આસંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા આમ જુદે રૂપે બંધાવા પામી.”

“શતક ૧૫ મું. (ઉત્તરાર્ધ) પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃતમાં સાહિત્યને રચવા લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટો એ પણ તે કાળે તીર્થ નહિ તો તીર્થ જેવુંજ આ સાધુઓએ કરેલું જણાય છે.”

બીજી પરિષદ્માં શ્રીયુત્ મનસુખલાલ કીરતચંદે “ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યે આપેલો ફાળો અને શ્રીયુત્ અમરચંદ પી. પરમારે જ્ઞાતિઓ વિષે નિબંધો વાંચ્યા હતા. પહેલી પરિષદ્માં કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનનો નિબંધ ન હોતો. ત્રીજી પરિષદ્‌માં શ્રીયુત્ મનસુખલાલ કીરતચંદનો 'જૈન સાહિત્ય' વિષે, શ્રીયુત્ મનસુખલાલ રવજીભાઇનો ગુજરાતી ભાષાની ઉત્પત્તિ જૈનીઓથી હોવા સંભવ છે! એ વિષે અને મારો ગુજરાતી "જૈન સાહિત્ય" વિષેનો નિબંધ વંચાયો હતો.

બીજી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ સ્થાનેથી વિદ્વદ્વર શ્રીયુત્ કેશવલાલ હર્ષદરાય ધ્રુવે જે વિદ્વતા ભરેલું ભાષણ આપ્યું હતું તે-માંથી જૈનોને લગતી હકીકત તારવીને આ નીચે આપી છે.

તેરમાં શતકની લોક ભાષાનાં ઉદાહરણ મેરૂતુંગ પુરાં પાડે છે. એણે **प्रबन्ध चिन्तामणि** રચ્યાની સાલ ઈ. સ. ૧૩૦૫ છે. તેથી મધ્યમ ગણતરીએ એના પ્રબંધોમાંનું **अपभ्रंश** સાહિત્ય તેરમા શતકનું લેખિએ છીએ. નીચેના દુહા **मुञ्जराज प्रबन्ध** માંથી લીધા છે.

मुञ्जुभणइ मुणालवइ जुव्वणु गयउ न झूरि ।
जइ सक्कर सय खणुथिय तोइ सु मिट्ठी चूरि ॥
जामति पच्छइ संपजइ सामति पहिलो होइ ।
मुञ्जु भणइ मुणालवइ विघन न वेठइ कोइ ॥
झोली तुट्टिवि कि न मुअउ किं न हुउ छारह पुञ्ज ।
घरि घरि नच्चावी यइ जिम मक्कड तिम मुञ्ज ॥
सायर खाइ लङ्क गढ गढवइ रावण राउ ।
भग्ग करवइ सवि भञ्जि गय मुञ्ज म करउ विसाउ ॥

નીચેનાં શણકદેવીનાં વચનો સિદ્ધરાજ પ્રબંધમાં ધ્યાન ખેંચનારાં છે.

તઈં ગઢુઆ ગિરનાર, કાહુમણિ મચ્છર ધરિઉ ।
મારિતાં ખેંગાર એકુ દિ સિહરૂ ન ઢાલિઉ ॥
જેસલ મોડિમ વાહ વલિવલિ વિસૂઉ ભાવિયઈ ।
નઈ જીમ નવા પ્રવાહ નવઘણુ વિણુ આવઈ નહિ ॥
વટિતઉ વઢવાણુ વીસારતાં નવીસરઈ ।
સોના સમાપરાણુ ભોગાવહ તઈં ભોગવઈ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે અપભ્રંશ કિંવા ગુજરાતીમાં વ્યાકરણ આદિ પ્રવર્તક અને પ્રાકૃત બોલીઓના પાણીની જે શ્રીહેમાચાર્ય તેની અષ્ટાધ્યાયીમાંથી ઉદાહરણ ઉતારીએ છીએ.

એ સમર્થ ગુર્જર ગ્રંથકારનો સમય ઈ-સ- ૧૦૮૮—૧૧૭૨ છે. આથી એના અપભ્રંશ ખંડમાં સંગ્રહેલું સાહિત્ય બારમા અને અગિઆરમાં શતકની લોક ભાષાના દ્રષ્ટાંત તરીકે લેઈએ છીએ.

" વાયસુ ઉડ્ડાવન્તિ અઇ પિઉ દિટ્ઠુઉ સહિસત્તિ ।
અદ્ધા વલયા મહિહિ ગય અદ્ધા પુટ્ટ તડન્તિ ॥
હિઅડા કુટ્ટી તડન્તિ કરિકાલ કખેવે કાઈં ।
દેકખઉં હયવિહિ કહિં ઠવઇ પઈ વિણુ દુકખ સયાઈં ॥ "

"શ્રીહેમાચાર્યનો સંગ્રહ મોટો છે, મહાભારત, ભાગવત આદિ કાવ્યો તેમના સમયમાં અથવા તે પહેલાં રચાયેલાં હતાં અને અપભ્રંશ સાહિત્ય એટલે કે પ્રાચીન ગુજરાતી સાહિત્ય સારૂં ખેડાયેલું હતું તેની એમના ઉતારામાં આપણને ઝાંખી થાય છે.—પ્રાકૃત દ્વાશ્રયને નામે પ્રસિદ્ધ કુમારપાળ. ચરિત્રના છેલ્લા સર્ગનો પાછલો ભાગ શ્રીહેમાચાર્યે અપભ્રંશમાં રચેલો છે. મુંજરાજના સમયમાં થયેલા અમિત ગતિના શિષ્યનો છક્કમ્મોવએસો" પણ અપભ્રંશમાંછે. વળી મહાકવિ-કાલીદાશના વિક્રમોવર્શીયના ચોથા અંકમાં જે પ્રક્ષિપ્ત ભાગ મળી આવે છે તેપણ અપભ્રંશમાં છે, --- જૈન ભંડારોમાં બારીક તપાસ કરાશે તો ઘણાં અમૂલ્ય રત્નો નીકળી આવવાનો સંભવ છે,--- બૌદ્ધો ની પાલી અને જૈનોની અર્ધ માગધી વૈદિક મહાસંસ્કૃત સાથે જે સંબંધ ધરાવે છે, તેનાં કરતાં પણ વધારે નિકટનો સંબધ આપણી અપભ્રંશ ભાષા સાથે એ બધી ભાષાઓ ( બંગાળી, હિંદી, મરાઠી, વગેરે ) ધરાવે છે,

અગિઆરમી, બારમી, અને તેરમી સદીમાં -- ( ગુજરાતમાં ) વિદ્વાનોને સંપૂર્ણ આશ્રય મળી રહ્યોહતો, તે એટલે સુધી કે શ્રીહેમાચાર્યનું વ્યાકરણ હાથીની અંબાડીમાં રાજ દરબારી સ્વારીના ઠાઠથી મોટી ધામધુમ સાથે મહારાજા સિદ્ધરાજના સરસ્વતી ભંડારમાં પધરાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું હતું -- ગુજરાતી સાહિત્યનો પ્રથમ યુગ તે ગુજરાતના ભવ્ય ઉદયનો હતો. તેથી તે યુગના સાહિત્યમાં પુરૂષ પરાક્રમનું ગંભીરગાન છે, શ્રીમાન્ હેમાચાર્યના મૂલ્યવાન સંગ્રહમાં એક વાર ફરીને આપણે ચંચુપાત કરીયે, જ્યારે યદ્દચ્છાએ સંગૃહિત સુભાષિત આવાં શુર પુરનારાં છે, ત્યારે તે સમયનું ઉદ્દેશ પૂર્વક રચેલું સાહિત્ય તો કેવું ઉત્તેજક હશે તે કલ્પના ગમ્ય છે.

( અહિં તે સંગ્રહમાંની કેટલીક ગાથાઓ લખી છે. )

" **અઢારમાં** શતકમાં ભાલણના સાહિત્ય રસિક શ્રોતાને સ્થાને વાર્ત્તાના ચમત્કારના ભોગી શ્રોતાજ હતા. એમની રૂચીને પોખતુ વાર્ત્તા સાહિત્ય જેનાં મૂળ નેમવિજય, વચ્છરાજ વગેરેએ સજીવન રાખ્યાં હતાં, તે રખીદાસના સીહુજના ચોરામાં વિસ્તાર પામ્યું."

"જૂના જમાનાએ શીલવતીના રાસને અને રોષ દર્શિકાને જન્મ આપ્યો, તો નવો જમાનો સરસ્વતિચંદ્ર અને કાન્તાને જન્મ આપે છે. ભૂતકાળમાં વ્યક્તિની સ્તુતિના રાસા અને પ્રબંધો રચાતા, તો વર્તમાન કાળમાં સામાજીક સ્થિતિના ઇતિહાસ લખાય છે. પ્રાચીન યુગમાં ધર્મના સંગ્રહાર્થે સાધુઓના મહાન્ સંઘો મળતા ત્યારે અર્વાચીન સમયમાં નાગરી પ્રચારિણી સભા, એક લિપિ પ્રચારિણી સભા, સાહિત્ય પરિષદ્ જેવાં મંડળ ભિન્ન ભિન્ન ભાષાનાં સાહિત્ય સર્વમાન્ય કરવા, પોતાનું ભૂત પૂર્વ સાહિત્ય સંગ્રહવા, પ્રવર્તમાન સાહિત્યનો સર્વતો મુખ વિકાસ સાધવા સ્થળે સ્થળે મળે છે. "

It is only in recent years that the vast and instricate literature of Jainisum has been partially explored and there is still much to be done in the way of translation and invastigation before the History of the order can be written. This ignorance of the real nature of its teachings is perhaps one cause of the contempt which the order has excited among some western scholars.

**Imperial Gazattere 1909 Edition Vol. 1**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મ સંબંધી સાહિત્ય વિશાળ તેમજ ગહન છે. તેની શોધ બહુ થોડી થએલી છે અને તે પણ થોડુંક થયાં એટલે તે ધર્મ. સંબંધી ઇતિહાસ યોજવા પૂર્વે ભાષાંતર અને શોધ ખોળ રૂપે હજુ ઘણું કરવાનું છે. એ સાહિત્ય એક તો વિશાળ રહ્યું; બીજું ગહન રહ્યું, અને એ અંગે જોઇતી શોધ ખોળો અધુરી એથી એમાં તત્ત્વો-નું વાસ્તવિક સ્વરૂપ શું છે એ સંબંધી અજ્ઞાનતા રહે એ સ્વાભાવિક છે; તેથી પાશ્ચાત્ય વિદ્વાનોની શુભ લાગણી જૈન સાહિત્ય જીતી શક્યું ન હોય તો તેમાં આ અજ્ઞાનતા કદાચ એક કારણ ગણી શકાય.

ત્રીજી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ દી. બા. અંબાલાલભાઇના ભાષણમાંથી એક ફકરો આ નીચે ઉતારૂં છું.

........જૂના તામ્રલેખ, શિલાલેખ, પાળીઆ, શિક્કા અને હરેક જાતની જુની વસ્તુનો શોધ કરી આપણા પૂર્વજો અને પૂર્વ ઇતિહાસનું જ્ઞાન દહાડે દહાડે પૂર્ણ કરવાનો શ્રમ લેવો, એ પણ પરિષદોનાં કર્ત્તવ્ય પૈકી એક છેઃ” આ પ્રયાસોમાં આપણા જૈનબંધુ-ઓના એજ દિશાના પ્રયાસથી આપણને ઘણી સહાય મળવાની આશા છે. આપણાં સાધન આપણા કાર્ય કરનારા થોડા છે માટે દેશની બીજી આવાજ લક્ષવાળી સંસ્થાઓ જોડે એ કાર્યતા કરી પ્રયાસ કરવાથી સર્વને સુગમતા અને લાભ છે. ”

આટલા ઉતારાને લખાણ પછી ગુર્જર સાક્ષરોની ખાત્રી થશે કે જૈન સાહિત્યે ગુર્જર ભાષાની ઘણી સારી સેવા બજાવી છે.

લી. પોપટલાલ કેવળચંદ શાહ.

રાજકોટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મજ્ઞાનનો સરલ-શુદ્ધ માર્ગ.

(ગતાંક પૃષ્ટ ૨૫૬થી શરૂ.)

## આઠ પ્રકારની પૂજા.

હવે આઠ પ્રકારની પૂજા કહે છે, તેને માટે કહ્યું છે કે,

" वरगंधधूवचुरकएहिं कुसुमेहिं पवरदीवेहिं ।
नेवज्जफलजलेहिय, जिणपूयाअट्टहा होइं " ॥ १ ॥

" ૧ ઉત્તમ ગંધ—ચંદનાદિક દ્રવ્ય, ૨ અગરૂ પ્રમુખ સુગંધી ધૂપ, ૩ અખંડિત અક્ષત, ૪ પંચવર્ણી પુષ્પો, ૫ નિર્મલ ઘૃતથી પૂરિત સુવર્ણ મણિમય પાત્રા વાળો દીપક, ૬ લાડવા પ્રમુખ નૈવેદ્ય, શ્રીફળ પ્રમુખ ફલ અને ૮ નિર્મલ પવિત્ર જલ એમ આઠ પ્રકારે પૂજા કહેવાય છે. તે અષ્ટ પ્રકારી પૂજાનું ફલ નીચે પ્રમાણે કહેછે :—

પુરૂષો જિનની ગંધ પૂજા કરવાથી સુગંધી અને સુવર્ણ વર્ણી રૂપ વાલા શરીરને પામે છે. તથા સૌભાગ્ય સુખ અને અનુક્રમે મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.

સુગંધી ધૂપવડે જિનપૂજા કરવાથી પુરૂષ સુગંધી થાય છે, દીપ પૂજા કરવાથી દીપ્તિવાલો—તેજસ્વી અને અક્ષત પૂજાથી અક્ષય સુખવાલો થાય છે.

જે પુરૂષ ત્રણે કાળ ઉત્તમ પ્રકારના પુષ્પોથી જિનપૂજા કરે છે, તે દેવતાના સુખ પામી અનુક્રમે સદા સુખવાલા મોક્ષને પ્રાપ્ત કરે છે.

જે દીવાલીના પર્વને વિષે શ્રી વર્દ્ધમાન પ્રભુની પાસે દીપક પ્રકટી ઉત્તમ ફળને મુકે, તે પુરૂષનું આખું વર્ષ સફલ થાય છે.

જે પુરૂષ ઘણી ભક્તિવાલો થઈ શ્રી જિનચંદ્રને નૈવેદ્ય ધરે છે, તે પુરૂષ દેવ, અસુર અને મનુષ્યોના સ્વામીના ભોગને ભોગવે છે.

જે પુરૂષ ભક્તિથી શ્રી વીતરાગ પ્રભુને જલનો ભરેલ કલશ ઢોલે તે પુરૂષ ભાવ શુદ્ધિ વડે શ્રેષ્ઠ થઈ ઉત્તમ એવા મોક્ષ પદને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે વિવિધ પ્રકારે કહેલી જિનપૂજા ભવ્ય પુરૂષોએ મન વચન અને કાયાની શુદ્ધિ પૂર્વક કરવી. જે જિન ભક્તિ શુદ્ધ ભાવથી કરી હોય, તે થોડી હોય તોપણ મોટા ફલને આપનારી થાય છે તે વિષે કહ્યું છે કે :—

" यास्या म्यायतनं जिनस्य लन्नते ध्यायंश्चतुर्थं फलं
षष्ठं चोत्थित उद्यतोऽष्टममथो गंतुं प्रवृत्तोऽध्वनि ।
श्रद्धालुर्दशमं बहिर्जिन गृहा त्प्राप्तस्ततो द्वादशं
मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ मासोपवासं फलम् ॥

" હું જિન મંદીરમાં જઇશ, એવું ચિંતવવાથી પુરૂષને એક ઉપવાસનું ફલ મળે છે. અને ત્યાં જવાને ઉઠે ત્યારે છઠ તપનું ફલ મળે છે. જ્યારે તે પ્રત્યે માર્ગે ચાલવા માંડે ત્યારે અષ્ટમનું ફલ મલે છે. જિનગૃહની બાહેર નજીક આવે ત્યારે ચાર ઉપવાસનું ફલ મલે છે, ચૈત્યમાં આવે ત્યારે પાંચ ઉપવાસનું ફલ મલેછે, ચૈત્યની મધ્યે આવે ત્યારે પંદર ઉપવાસનું ફલ મલેછે અને જિનેશ્વરના દર્શન કરે ત્યારે માસોપવાસનું મળેછે. "

અહિં તેવીજ રીતની ભાવ શુદ્ધિ તે મુખ્ય કારણ સમજવું. એવી રીતે આઠ પ્રકારની પૂજા કહેલી છે. આદિ શબ્દથી સત્તર પ્રકારની અને એકવીશ પ્રકારની પૂજા પણ કહેવાય છે. તે આ પ્રમાણેઃ—

" ૧ નિર્મલ જલ વડે સ્નાન, ૨ ચંદનાદિક વડે નવ અંગે નવ તિલક, ૩ વસ્ત્ર યુગળ પેહેરાવવા, ૪ વાસ ચૂર્ણનો પ્રક્ષેપ, ૫ વિકસ્વ પુષ્પો ચડાવવા, ૬ પ્રભુ કંઠે ગુંથેલ પુષ્પમાળનું આરોપણ, ૭ પંચવર્ણી પુષ્પો વડે સર્વ અંગે શોભા કરવી—અર્થાત્ ફૂલની આંગી રચવી ૮ કર્પૂર, કૃષ્ણાગુરૂ પ્રમુખ સુંગધી દ્રવ્ય વડે પૂજન કરવું, ૯ ધ્વજા ચડાવવી, ૧૦ છત્ર મુગટ વગેરે આભૂષણો પેહેરાવવા, ૧૧ પુષ્પનું ગૃહ કરવું, ૧૨ પ્રભુની આગળ પાંચવર્ણી પુષ્પોનો ઢગલો કરવો ૧૩ અક્ષત વગેરે અષ્ટ મંગળ આલેખવા, ૧૪ સુગંધી ધૂપ ઉખેવવો, ૧૫ ગીત—ગાન કરવા, ૧૬ અનેક પ્રકારના નૃત્ય કરવા. નાટક કરવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ અને શંખ, નગારા વગેરે વાજિત્રો વગાડવા એ સત્તર પ્રકારી પૂજા કહેવાય છે.

## એકવીશ પ્રકારની પૂજા નીચે પ્રમાણે કહેલી છે:—

" ૧ સ્નાન, ૨ ચંદન, ૩ આભૂષણ, ૪ પુષ્પ, ૫ વાસક્ષેપ, ૬ ધૂપ ૭ ફલ, ૮ દીપક, ૯ અક્ષત, ૧૦ નૈવેદ્ય, ૧૧ પાન, ૧૨ સોપારી, ૧૩ જલ, ૧૪ વસ્ત્ર, ૧૫ છત્ર, ૧૬ ચામર, ૧૭ વાજિત્ર, ૧૮ ગીત, ૧૯ નાટક, ૨૦ સ્તુતિ અને ૨૧ ભંડારની વૃદ્ધિ. એ પ્રમાણે એકવીશ પ્રકારની પૂજા કહેવાય છે. "

તે સિવાય એકસો આઠ વગેરે બીજા પૂજાનાં ઘણાં ભેદો કહેલા છે; તે બીજા શાસ્રીય ગ્રંથોથી જાણી લેવા. એવી રીતે ચૈત્ય વિનયની અંદર આવેલ દશ પ્રકારના વિનય માંહેલો આ વિનયનો ત્રીજો ભેદ કહેવામાં આવ્યો. બાકીના વિનયના બીજા ભેદોની સવિસ્તર વ્યાખ્યા બીજા મોટા ગ્રંથોમાંથી જાણી લેવી.

## સમ્યકત્વની ત્રિવિધ શુદ્ધિ.

અનુક્રમે સમ્યકત્વની ત્રણ પ્રકારની શુદ્ધિની વ્યાખ્યા કરે છે ૧ જિન, ૨ જિનમત અને ૩ જિનમતને વિષે સ્થિરતા એ સમ્યકત્વની ત્રિવિધ શુદ્ધિ છે. જિન એટલે શ્રી વીતરાગ. જિનમત એટલે સ્યાત્ પદે કરીને યુક્ત એવા તીર્થંકર પ્રણીત યથાસ્થિત જીવ અજીવાદિ તત્ત્વો અને જિનમતને વિષે સ્થિરતા એટલે જેમણે જિન તીર્થંકરના આગમને અંગીકાર કરેલ છે, એવા મુનિમહારાજા વગેરે—એટલે સાધુ, સાધ્વી. શ્રાવક, શ્રાવીકા, એ જિન, જિનમત અને જિનમતને વિષે સ્થિરતા કહેવાય છે. એ કહેવાનો આશય એવો છે કે, એ જિનાદિ ત્રણને મુકી બાકીના એકાંત વાદ રૂપ ગ્રહે કરીને ગ્રસિત થયેલા આ સંસારને વિષે કાંઇ કામના નથી. એટલે જિનાદિક ત્રણજ આ જગતમાં સાર રૂપ છે. બાકીના સર્વે અસાર રૂપ છે. આવા પ્રકારની વિચારણાથી સમ્યકત્વની નિર્મલતા થાય છે. તેથી તે સમ્યકત્વની શુદ્ધિ કહેવાય છે, તે સમ્યકત્વની શુદ્ધિ આગમને વિષે બીજી રીતે પણ કહેલી છે, તે આ પ્રમાણે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" મન , વચન અને કાયા એ ત્રણે કરીને કરાતી જે શુદ્ધિ, તે સમ્યકત્વની સાધન ભૂત થાય છે. એટલે મન, વચન તથા કાયાની શુદ્ધિથીજ સમ્યકત્વ ઉત્પન્ન થાય છે, જ્યારે જીવ જિનમત શિવાય આ સમગ્ર લોકને અસાર પણે માને છે, ત્યારે તે પહેલી મનઃશુદ્ધિ કહેવાય છે. શ્રી તીર્થંકરદેવના ચરણ કમળનું આરાધન કરીને મારૂં કાર્ય સિદ્ધ થયું નથી, તો પછી બીજા દેવના આરાધનથી મારૂં કાર્ય શીરીતે સિદ્ધ થાય? અર્થાત્ નજ થાય; તેથી હું તીર્થંકર શિવાય બીજા દેવની આરાધના નહીં કરૂં " આ પ્રમાણે પોતાને મુખે કહેવું, એ બીજી વચન શુદ્ધિ કહેવાય છે. જે શસ્ત્ર વગેરેથી છેદાતો હોય, ભેદાતો હોય, પીડાતો હોય અને બલતો હોય, છતાં બીજા દેવને જરાપણ કાયાથી નમે નહી, તો ત્રીજી કાય શુદ્ધિ કહેવાય છે. ૧–૨–૩ આ પ્રકારે બીજી રીતે પણ સમ્યકત્વની ત્રણ પ્રકારની શુદ્ધિ કહેલી છે. અપૂર્ણ.

## શ્રી ડબાસંગ ફંડ તરફથી ફેબ્રુઆરી માસમાં દાણો આપવામાં આવ્યો તેની જાહેરાત.

**મહેરબાન સાહેબ,**

આપના પ્રસિદ્ધ પેપરમાં નીચેની બીના છાપવા મેહેરબાની કરશો.

શ્રી ડબાસંગ ફંડ તરફથી દુષ્કાળ સબબ જામનગરમાં સને ૧૯૧૨ ની સાલના ફેબ્રુઆરી માસમાં જામનગરની આથમણી બાજુના મહાજન શ્રાવકોના ગામ ૩૨ બત્રીશમાં કુલ માણસ ૬૧૦ છસો દશને દાણો મણ ૨૩૧।।। બસો પોણી બત્રીશ આપવામાં આવ્યો છે.

મહાલ ખંભાલીયા, શલાયા, તથા લાલપુર તાબાના ગામ જેનગર આવી શકયા નથી તેવા મહાજન શ્રાવકોના ગામો આવેલા છે તેને માટે બે માસનો દાણો મણ ૩૨૫ થી ૩૫૦ સુધીનો બંદોબસ્ત કરવા માણસ મોકલવામાં આવેલું છે. તે બંદોબસ્ત કરીને આવશે ત્યારે તે સંબંધી બહાર પાડવામાં આવશે અથવા માર્ચ માસના હીશાબમાં બહાર પાડીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ જેમ હવે પછીના માસો આવતા જશે તેમ તેમ મોટી સંખ્યાઓમાં દાણો આપવો પડશે.

આ ફંડની સીલીક ઘણીજ થોડી છે તેથી કરી આ ૬૪ ગામના શ્રાવકોને દુષ્કાળ ઊતારી શકાય તેમ નથી અને તેવા કારણથી આ શ્રાવકો ઘણીજ દુઃખી સ્થિતિ ભવિષ્યમાં ભોગવશે એવું જણાય છે. માટે કોઇ પણ સખી જૈન ગૃહસ્થ બહાર પડી પોતાના તરફથી મોટી રકમની મદદ કરી આ શ્રાવકોનો ઉદ્ધાર કરશે એવી અમારી વિનંતી છે.

આ ફંડની જે સીલીક છે તે ઉપર ધ્યાન આપી એક ટંકનો દાણો આપવા જેટલો બંદોબસ્ત કરી આપીએ છીએ, અને એક ટંકને માટે પોતાથી બંદોબસ્ત કરી લે એવી સુચના આપીએ છીએ અને તદ્દન આંધળા લુલા વિગેરે અપંગને બે ટંકનો બંદોબસ્ત કરી આપીએ છીએ.

આ શ્રાવકો ખેતીનો ધંધો કરે છે અને તેથી કરી દુષ્કાળ તેને ખરેખરી અસર કરે છે અને તેવા કારણથી પોતે તથા તેના બાળકો તથા ખેતીના સાધન જે બળદીઆ તે ઘણીજ દુઃખી અવસ્થા ભોગવે છે.

આ માસમાં કુલ કેટલા માણસોને દાણો આપવામાં આવ્યો તેના નામ, જ્ઞાતિ, ઉમર, ધંધો, આપ્યાની તારીખ, કેટલા મણ, હસ્તેનું નામ વિગેરેનું પત્રક રજીષ્ટર પ્રમાણેનું લંબાણવાળું હોવાથી છાપવામાં આવતું નથી તેથી મોકલવામાં આવ્યું નથી. તોપણ એક જૈન પેપર ઓફીસ તરફ મોકલવામાં આવ્યું છે ને તે છાપી બહાર પાડશે તો તેનો આભાર માનીશું.

વિનંતી.

વકીલ સાકળચંદ નારણજી શાહ.
બી. એ. એલ એલ. બી. સેક્રેટરી.
શ્રી ડબાસંગ ફંડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

## શ્રી આબુજી તીર્થ ઉપર એજંટ ટુ ધી ગવરનર જનરલની મુલાકાતે ગયેલુ જૈન ડેપ્યુટેશન.

મુંબઇ, અમદાવાદ, સીરોહી વિગેરે જુદા જુદા ગામોના મુખ્ય મુખ્યપચીશ જૈનગૃહસ્થોનું એક ડેપ્યુટેશન તા. ૬–૪–૧૯૧૨ના રોજ આબુ પર્વત ઉપર એજંટ ટુધી ગવરનર જનરલ મી. કોલવીન સાહેબની મુલાકાતે ગયું હતું. તે વખતે એક એડ્રેસ રૂપાના કાસકેટમાં મુકી તેઓ સાહેબને અર્પણ કર્યું હતું. હેતુ આબુ જેવા પવિત્ર તીર્થ ઉપર ત્યાંના દેવાલયોમાં યુરોપીયનો બુટ સાથે જોવા જાયછે તે બંધ કરાવવાનો હતો. બુટ ઉપર મખમલના મોજા ચડાવી લેતો કેમ? તેમ સાહેબે પૂછતાં ડેપ્યુટેશનના ગૃહસ્થોએ તેવી રીત પણ અયોગ્યજ છે એમ દાખલા દલીલ પુરાવા સાથે જણાવ્યું હતું ઘણો વખત સારી રીતે વાત ચીત થયા બાદ આ સંબંધનો રીપોર્ટ નામદાર ગવરનર જનરલ તરફ રવાને કરવાને તેઓ સાહેબે કબુલ કર્યું હતું.વધારે હકીકત ઘણા પેપરમાં આવી ગયેલ છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી બાળકો તથા કન્યાઓની લેવાયેલી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં મળેલા ઇનામો આપવાનો સુરત ખાતે કરવામાં આવેલો મેળાવડો.

સુરત ખાતે ચૈત્ર શુદ ૧૪ ના રોજ માજી સબ જજ રા. રા. ચીમનલાલ લલ્લુભાઇના પ્રમુખ પણા નીચે કરવામાં આવ્યો હતો. તે મેળાવડામાં યોગ્ય સ્થાને મુનિરાજ શ્રી કમળવિજયજી પણ બીરાજ્યા હતા. શેઠ ચુનીલાલ છગનલાલે હરીફાઇની ધાર્મિક પરિક્ષાથી થતા ફાયદા વિગેરે ઉપર તેમજ માસ્તર ભાઈલાલ છગનલાલે પણ તે પ્રસંગને અનુસરતું તે વિષય ઉપર બોલ્યા હતા. અને ઇનામની રકમ જાહેર કરી હતી. ત્યાર બાદ ઊક્ત મુનિરાજના હસ્ત કમળથી વિદ્યાર્થીઓને પ્રમાણ પત્રો આપવામાં આવ્યા હતા, અને ઉકત પ્રમુખ સાહેબના હાથે ઇનામની રકમ વેહેંચી આપી હતી.

ત્યાર બાદ પ્રમુખ સાહેબે પોતાના તે વિષયના અંગે વિચાર બતાવી મેળાવડો આનંદ સાથે બરખાસ્ત કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## પ્રાણી પોકાર
### ( પદ્યબંધ )

આ લઘુ પરંતુ દયા રૂપી વેલડી ગ્રંથ અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલો છે. તેની આનંદ સાથે ભેટ સ્વીકારી જણાવવું પડે છે કે જગત્ વિખ્યાત મહોપકારી સ્વર્ગવાસી મહાત્મા **વિજયાનંદ સૂરિશ્વર** ( આત્મારામજી મહારાજ ) ના પ્ર શિષ્ય સંવેગી ગીતાર્થ શાંત ક્રિયા પાત્ર મુનિ મહારાજ **શ્રી હંશવિજયજી મહારાજ**ના અપૂર્વ પ્રયાસ અને કૃપાના ફળ વડે ઊદાર જૈન ગૃહસ્થોની સહાયથી આ ગ્રંથની પ્રથમ ૧૫૦૦૦ ) કોપી મફત વહેંચાઈ ત્યાર બાદ ૨૦૦૦ ) કોપી મરાઠી ભાષામાં છપાઇ તે પ્રમાણે વહેંચાઇ, ત્રીજી વખત ૧૦૦૦૦ ) કોપી હિંદુસ્તાની ભાષામાં અને છેવટે આ આવૃતિની ૧૦૦૦૦ ) દશ હજાર કોપી ગુજરાતી ભાષામાં છપાવી તેવી રીતે મફત જૈન અને જૈનેતર સમાજમાં વ્હેંચાઇ. આવી રીતે જુદી જુદી ભાષામાં જુદા જુદા માણસો પાસે તૈયાર કરાવી મફત વહેંચાવી મહાત્મા **શ્રી હંસવિજયજી મહારાજે** દયાનું ખરેખરૂં સ્વરૂપ બતાવી આપ્યું છે. મુનિ ધર્મ જે વીશ વિશ્વા દયા પાળવાનો છે તે પોતે પાળતા બીજાને તેવા દયામય બનાવવાનું પણ શીખવ્યું છે, અને નિરપરાધી પ્રાણીના થતા પોકારથી જેનું હૃદય આર્દ્ર બન્યું છે એવા ઉક્ત મહાત્માએ તે અવાચક પ્રાણીઓનું વકીલાત નામું લઈ–ખરેખરૂં દયાજનક કાર્ય ઉપાડી લઇ અણગાર ધર્મને દીપાવ્યો છે. આવી રીતે દયા ધર્મનો ઝુંડો ખરેખરો આવા કાર્ય કરી ઉક્ત મહાત્માએ જે ઊપાડી લીધો છે જે જાણી સર્વને આનંદ સાથે તે મહાત્માનો આભાર માન્યા સિવાય સર્વથી રહેવાશે નહીં. તેવું જીવ દયા ના પ્રચારનું કાર્યનું સૌ કોઇએ અનુકરણ કરવું જોઇએ. આ બુકના રચનાર કવિ સાકળચંદ પીતામ્બરદાસ છે. તેઓને પણ આવા કાર્ય માટે ધન્યવાદ ઘટે છે.

છેવટે અમારે એટલું તો જણાવવુંજ પડશે કે ટુંકી મુદતમાં જન્મ પામેલી અમદાવાદની **શ્રી હંસવિજયજી જૈન લાઇબ્રેરીએ** પોતાની લઘુ વય છતાં આવા લઘુ પરંતુ ઊપયોગી ઊત્તમોત્તમ પુસ્તકો પ્રસિદ્ધ કરી વળી તે દયા ફેલાવવાના મુખ્ય હેતુથી મફત આપી જૈન સમાજની જે સેવા બજાવે છે તેથી તેને પણ ધન્યવાદ ઘટે છે, અમો તેની દિવસાનુદિવસ ઊન્નતિ ઇચ્છીએ છીયે.

For Private And Personal Use Only